# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૩ - A તા.૧૧-૦૬-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- **જિલ્લા આંતરિક બદલી કેમ્પ અંતર્ગત રજીસ્ટ્રેશનમાં થયેલ ક્ષતિ સુધારવા બાબત.**

સંદર્ભ :- પ્રાશિનિ/ક-નિતી/૨૦૨૩/૩૯૯૦-૪૦૪૬, તા.૧૧-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી તા. ૦૬-૦૬-૨૦૨૩ થી તા. ૧૦-૦૬-૨૦૨૩ સુધી શિક્ષક / વિદ્યાસહાયક દ્વારા જિલ્લા આંતરિક બદલી માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી નિયત કરવામાં આવેલ.

ઓનલાઈન ટીચર ટ્રાન્સફર જિલ્લા આંતરિક કેમ્પ- ૨૦૨૩માં અરજી કરતી સમયે ધ્યાનમાં રાખવાની બાબતો જે પોર્ટલ પર મુકવામાં આવેલ. જેમાં જણાવ્યા મુજબ અરજદાર શિક્ષક જે જિલ્લા/નગર માં ફરજ બજાવે છે તે જિલ્લો અથવા નગર શિક્ષણ સમિતિ પસંદ કરવાની સુચના હતી. તેમ છતાં અરજદાર શિક્ષકો દ્વારા રજીસ્ટ્રેશનની પ્રક્રિયામાં જિલ્લાની જગ્યાએ નગર અને નગરની જગ્યાએ જિલ્લાની પસંદગી કરી ક્ષતિ કરેલ છે. ક્ષતિ સુધારવા માટે તા. ૧૨-૦૬-૨૦૨૩ ના રોજ બપોરના ૨.૦૦ કલાક પછી અરજદાર શિક્ષકોએ તેમના પોતાના લોગીનમાં જઈ પોતાની ઉપરોક્ત જણાવેલ ક્ષતિ સુધારવાની રહેશે. સુધારો કર્યા બાદ ફાઈનલ સબમીટ કરી ફોટા અને સહી સહિતની વોટરમાર્ક વગરની પ્રિન્ટ લેવાની રહેશે. આ પરિપત્ર તમામ શિક્ષકોને વંચાણે લેવાનો રહેશે.

તા.૧૧-૦૬-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2023/3990-4046
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.11/06/2023

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- જિલ્લા આંતરિક બદલી કેમ્પ અંતર્ગત રજીસ્ટ્રેશનમાં થયેલ ક્ષતિ સુધારવા બાબત..

સંદર્ભઃ- 1.અત્રેની કચેરીના પત્રક્રમાંકઃ-પ્રાશિનિ/ક-નીતિ/2023/3256-3306, તાઃ-17/05/23
2.અત્રેની કચેરીના પત્રક્રમાંકઃ-પ્રાશિનિ/ક-નીતિ/2023/3923-3976, તાઃ-03/06/23
3.ગુજરાત રાજ્ય, નગર પ્રાથમિક શિક્ષક સંઘ અને પ્રાથમિક શિક્ષક સંઘની તા.09/06/2023 ની રજુઆત
4.શાસનાધિકારી જામનગરની તા.09/06/2023 ની રજુઆત

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભઃ-1 ના પત્રથી શિક્ષણ વિભાગના તાઃ-11/05/2023 ના ઠરાવની જોગવાઇ મુજબ જિલ્લા આંતરિક ઓનલાઇન બદલી કેમ્પોનું આયોજન કરવા સૂચના આપેલ. ત્યારબાદ શિક્ષણ વિભાગ દ્વારા તાઃ-02/06/2023 થી સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો. જે અન્વયે સંદર્ભઃ-2 ના પત્રથી જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી કેમ્પ અંગે સુધારેલ સમયપત્રકની પણ સુચના આપવામાં આવેલ હતી. જે મુજબ તા.06/06/2023 થી તા.10/06/2023 સુધી શિક્ષક/વિધાસહાયક દ્વારા જિલ્લા આંતરિક બદલી માટે ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી નિયત કરવામાં આવેલ.

ઓનલાઇન ટીચર ટ્રાન્સફર જિલ્લા આંતરિક કેમ્પ-૨૦૨૩માં અરજી કરતી સમયે ધ્યાનમાં રાખવાની બાબતો જે પોર્ટલ પર મુકવામાં આવેલ. જેમાં જણાવ્યા મુજબ અરજદાર શિક્ષક જે જિલ્લા/નગર માં ફરજ બજાવે છે તે જિલ્લો અથવા નગર શિક્ષણ સમિતિ પસંદ કરવાની રહેશે. તેમ છતા અરજદાર શિક્ષકો દ્વારા રજીસ્ટ્રેશનની પ્રક્રિયામાં જિલ્લાની જગ્યાએ નગર અને નગરની જગ્યાએ જિલ્લાની પસંદગી કરી ક્ષતિ કરેલ છે. જે ક્ષતિ સુધારવા બાબતે અરજદાર શિક્ષકો દ્વારા, વિવિધ સંઘોની રજુઆત અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી દ્વારા વિવિધ રજુઆતો અત્રેની કચેરીને મળેલ છે.

સદર બાબતે GIPLના ટેકનિકલ એક્ક્ષપર્ટ સાથે થયેલ ચર્ચા મુજબ જે અરજદાર શિક્ષકોને આ પ્રકારની ક્ષતિ સુધારવાની હોય તો તેઓ દ્વારા તા.12/06/2023 ના રોજ બપોરના 2.00 કલાક પછી પોતાના લોગીનમાં જઇ આ પ્રકારની ક્ષતિ સુધારવાની રહેશે.સુધારો કર્યા બાદ ફાઇનલ સબમીટ કરી ફોટા અને સહી સહિતની વોટરમાર્ક વગરની પ્રિંટ લેવાની રહેશે. ઉપરોક્ત સુચનાની જાણ આપના તાબાના તમામ શિક્ષકોને કરવા જણવવામાં આવે છે. સમયમર્યાદા બાદ આવી કોઇ પણ પ્રકારની રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(ડૉ.એસ.પી.ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ . . .</u>

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી,માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજરશ્રી,ગુજરાત ઈન્ફો.પેટ્રો.લિ,બ્લોક નં ૧૫,બીજો માળ,ઉદ્યોગ ભવન સેકટર-૧૧,ગાંધીનગર